ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને
વર્ષ ૨૦૧૮-૧૯ માટે ત્રીજા હપ્તા પેટે
રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ
ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૦૩-૧૦૦૧(પા.ફા.)-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૫/૦૨/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/ બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯-૦૫-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૦૩-૧૦૦૧(પા.ફા.)-અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-૦૯-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૦૩-૧૦૦૧(પા.ફા.)-અ.૧

(૪) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૯/૧૨/૨૦૧૮નો પત્રક્રમાંકઃવિજાક/બો.નિ./ ૨૦૧૮-૧૯/૧૨૮૨-૧૨૮૩

**આ મુ ખ-**

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને કચેરીના વહીવટી ખર્ચ માટે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૧૧-૦૪-૧૮ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૯-૦૫-૨૦૧૮ના ઠરાવથી આ ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ અને વંચાણ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૫-૦૯-૨૦૧૮નાં ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ નિયામકશ્રી(વિ.જા.ક.) મારફતે નિગમને હવાલે મૂકવાનું ઠરાવેલ છે. વંચાણ ક્રમાંક (૪) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૨૯/૧૨/૧૮ના પત્રથી ત્રીજા હપ્તાની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં વહીવટી ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ કુલ રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ પૈકી ત્રીજા અને આખરી હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ(અંકે રૂપિયા પચાસ લાખ પૂરા) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

૨. ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે તે હેતુ માટે છુટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વાપરી શકાશે નહિં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે અને નિગમને ૩ ટકા લેખે જે સર્વિસ ચાર્જ મળે છે, તે રકમમાંથી મહેકમ ખર્ચ કરવાનો રહેતો હોઇ, વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

૩. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ ખર્ચ કરતા પહેલા નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં ખર્ચના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૮. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૦ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા) ની તા.૦૨-૦૨-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.એમ.ચૌધરી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સે.અ.શ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સે.અ.શ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.